

RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 207
Dt.: 09-04-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa

રેપો રેટ ૫.૨૫% પર યથાવત્ રાખવાનો નિર્ણય

## RBIએ યથાવત રાખ્યો રેપો રેટ, તમારી EMIમાં નહીં થાય ઘટાડો

### નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રથમ બેઠકમાં રેપો રેટ ૫.૨૫% પર યથાવત્ રાખવાનો અને પોલિસીનું વલણ Neutral રાખવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક(RBI)ના ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં મળેલી મોનેટરી પોલિસી કમિટી(MPC)એ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રથમ બેઠકમાં રેપો રેટ ૫.૨૫% પર યથાવત્ રાખવાનો અને પોલિસીનું વલણ Neutral રાખવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ છે કે તમારી હોમ લોન અથવા કાર લોન EMI યથાવત રહેશે, ન તો વધશે કે ન તો ઘટશે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને હવે બે અઠવાડિયા માટે અટકાવી દેવાયાનો અમેરિકા અને ઈઝરાયલ તથા ઈરાન દ્વારા નિર્ણય લેવાયો છે. ત્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં પણ કડાકો બોલાઈ ગયો છે. શેરબજાર અને સોના-ચાંદીના ભાવમાં પણ તેજી દેખાઈ રહી છે. આ દરમિયાન હવે અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે કાયમી શાંતિ માટે શરતો પર મંત્રણા શરૂ થવાની છે તેને અને વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને આરબીઆઈએ વેઈટ એન્ડ વોચ(થોભો અને રાહ જુઓ)ની નીતિ અપનાવી છે. આ નિર્ણયની સીધી અસર હેઠળ, તમારા હોમ લોન કે કાર લોનના EMI હાલમાં વધશે નહીં અને બજારમાં વ્યાજ દરો સ્થિર રહેશે.

રિઝર્વ બેંકના ગવર્નર મલ્હોત્રાએ જાહેરાત કરી છે કે રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત્ રાખવામાં આવ્યો છે. ઈરાન સંકટને કારણે ઊભી થયેલી મોંઘવારી ફરી એકવાર આર્થિક જોખમ ઊભું કરી રહી છે, જેના કારણે વ્યાજદરમાં ઘટાડો કરવાને બદલે આર્થિક સ્થિરતા અને વિકાસ દર જાળવી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે રેપો રેટ એ મુખ્ય બેન્ચમાર્ક છે જેના આધારે તમામ બેંકો લોન પરના વ્યાજદર નક્કી કરે છે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ MPC બેઠકના પરિણામો જાહેર કરતી વખતે વધુમાં જણાવ્યું હતું કે સમિતિએ ન્યૂટ્રલ વલણ જાળવી રાખ્યું છે. રેપો રેટ યથાવત રહ્યો છે, જેમાં SDF ૫% અને MSF ૫.૫૦% છે. વધુમાં નાણાકીય વર્ષ ૨૭ માટે વાસ્તવિક GDP વૃદ્ધિ ૬.૯% રહેવાનો અંદાજ છે. RBI એ ફેબ્રુઆરી ૨૦૨૫થી દરોમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. ૨૦૧૯ પછી આ પહેલી વાર છે જ્યારે રિઝર્વ બેંકે આટલી ઝડપથી દરોમાં ઘટાડો કર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં યોજાયેલી અગાઉની બેઠકમાં રિઝર્વ બેંકે અગાઉના ઘટાડાના મૂલ્યાંકનને મંજૂરી આપવા માટે દર સ્થિર રાખ્યા હતા. અગાઉ ડિસેમ્બર ૨૦૨૫ માં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. RBIને આશા છે કે નાણાકીય વર્ષ ૨૭માં આર્થિક ગતિવિધિઓ મજબૂત રહેવાની અપેક્ષા છે. કેન્દ્રીય બેન્કે Q1FY27 માટે GDP વૃદ્ધિનો અંદાજ ૬.૭% થી વધારીને ૬.૯% અને Q2FY27 માટે ૬.૮% થી ૭% કર્યો. ફેબ્રુઆરીની નીતિમાં MPC એ Q1FY27 માટે ફુગાવાનો અંદાજ પણ ૪.૦% અને Q2FY27 માટે ૪.૨% કર્યો. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ એમ પણ જણાવ્યું હતું કે ભારત ગ્રીનફિલ્ડ FDI પ્રોજેક્ટ્સ માટે એક આકર્ષક સ્થળ છે.

બેન્કો રેપો રેટના આધારે તેમના લેન્ડિંગ રેટ નક્કી કર્યા છે. જો બેન્કોને RBI તરફથી સસ્તું ભંડોળ મળે છે, તો તેઓ તેમની ફ્લોટિંગ-રેટ લોન પર વ્યાજ દર પણ ઘટાડે છે. જો તમારી લોન ફ્લોટિંગ-રેટ અથવા રેપો-લિંક્ડ હોય તો બેન્કો વ્યાજ દર ઘટાડે છે, જેનાથી તમારી ઈએમઆઈ ઘટી જાય છે અથવા લોનની મુદત ઘટી શકે છે. જો કે, જ્યારે રેપો રેટ વધે છે ત્યારે બેક્રો માટે ઉધાર વધુ ખર્ચાળ બને છે અને આ બોજ ગ્રાહકો પર નાખવામાં આવે છે. આ લોન પર ઈએમ પણ વધારે છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે અગાઉ રેપો રેટમાં ઘટાડો થવાના સંકેત આપ્યા હતા, પરંતુ ગવર્નરના આ નિર્ણયથી દેશના કરોડો લોનધારકો અને ઘર ખરીદનારાઓને નિરાશા સાંપડી છે. રેપો રેટમાં કોઈ ફેરફાર ન થવાને કારણે હોમ લોન અને ઓટો લોનની ઈએમઆઈમાં પણ કોઈ ઘટાડો થશે નહીં અને તે પહેલાની જેમ જ યથાવત્ રહેશે. આ નિર્ણયથી મધ્યમ વર્ગના ખિસ્સા પરનો બોજ હળવો થવાની આશા હાલ પૂરતી ઠગારી નીવડી છે.



‘લેબેનોનમાં કોઈ સીઝફાયર નહીં’

## નેતન્યાહૂની જાહેરાતથી અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ ઉપર સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસલેમ

અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના સંઘર્ષ વિરામ ની જાહેરાતથી દુનિયાએ રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ આશા પર પાણી ફેરવી દીધું છે. નેતન્યાહૂના કાર્યાલયે બુધવારે સવારે સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલું સમજૂતી લેબેનોનમાં હિઝબુલ્લાહ વિરુદ્ધ ચાલી રહેલી ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી પર લાગુ થશે નહીં.



ઈઝરાયલના પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ઈઝરાયલ ડોનાલ્ડ ટ્રમ્પના બે અઠવાડિયા સુધી હુમલા સ્થગિત કરવાના નિર્ણયનું સમર્થન કરે છે, પરંતુ તેની શરત એ જ છે કે ઈરાને તાત્કાલિક ‘સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ ખોલવી પડશે અને અમેરિકા તેમજ ઈઝરાયલ પરના તમામ હુમલા બંધ કરવા પડશે.નિવેદનમાં સૌથી મહત્વની વાત એ કહેવામાં આવી છે કે, ‘‘આ બે અઠવાડિયાનો સીઝફાયર લેબેનોન પર લાગુ પડતો નથી.’’ આનો અર્થ એ છે કે ઈરાન સાથે સીધી અથડામણ ભલે ટળી હોય, પરંતુ લેબેનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ઈઝરાયેલના હુમલા ચાલુ રહેશે.

ઈઝરાયેલનું માનવું છે કે જ્યાં સુધી ઈરાન પરમાણુ, મિસાઈલ અને આતંકવાદી ખતરો મટાડવા માટે કાયમી ખાતરી ન આપે ત્યાં સુધી પ્રાદેશિક સુરક્ષા જોખમમાં જ રહેશે.નેતન્યાહૂ કાર્યાલયે ઉમેર્યું કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈઝરાયલને ખાતરી આપી છે કે તે આગામી વાટાઘાટોમાં ઈઝરાયલ અને તેના પ્રાદેશિક સહયોગીઓના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. હવે જોવાનું એ રહેશે કે જો લેબેનોનમાં ઈઝરાયલના હુમલા ચાલુ રહે છે, તો શું ઈરાન આ યુદ્ધવિરામનું પાલન કરશે કે કેમ, કારણ કે ઈરાને તેના ૧૦ મુદ્દાના પ્રસ્તાવમાં લેબેનોનમાં પણ સીઝફાયરની માંગ કરી હતી.

વિવાદાસ્પદ નિવેદન પર ખડગેએ માફી માગી

## ગુજરાતીઓની લાગણી દુભાવવાનો ઉદ્દેશ્ય નહોતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



ગુજરાતમાં ચૂંટણીના માહોલ વચ્ચે કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગેએ કેરળમાં ચૂંટણી રેલી દરમિયાન ગુજરાતના લોકોને અશિક્ષિત કહેતા મોટો વિવાદ ઊભો થયો હતો. આ મામલે ગુજરાતના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ભાજપે પણ વિવિધ શહેરોમાં ભારે વિરોધ નોંધાવતા રાજકારણ ગરમાયું હતું, ત્યારે ભારે વિરોધ બાદ આ મામલે મલ્લિકાર્જુન ખડગેએ હાલ માફી માંગી છે અને ગુજરાતીઓની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો મારો હેતુ ક્યારેય નહોતો હોવાનું જણાવ્યું છે. કેરળમાં ચૂંટણી રેલી મલ્લિકાર્જુન ખડગેએ ભાષણમાં ગુજરાતના લોકોને અશિક્ષિત ગણાવતા કહ્યું કે, ત્યાંના લોકોને નરેન્દ્ર મોદી સરળતાથી ભ્રમિત કરી શકે છે, પરંતુ કેરળના લોકો વધુ સમજુ અને શિક્ષિત છે, એટલે કોઈ તેને ભ્રમિત કરી શકશે નહીં. ખડગેના આ નિવેદન પછી ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો હતો અને વિપક્ષી દળોએ આ નિવેદનને ગુજરાતીઓનું અપમાન ગણાવી પ્રતિક્રિયા આપી હતી. આ મામલે ગઈકાલે ગુજરાતના વિવિધ શહેરોમાં ભાજપે મૌન વિરોધ પ્રદર્શન પણ યોજ્યું હતું, જે બાદ ખડગેએ હાલ માફી માંગી હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતીઓને અભણ કહેવા મુદ્દે કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગેએ માફી માંગી છે. આ મામલે તેઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા લખ્યું છે કે, તાજેતરમાં કેરળમાં મારા ચૂંટણી ભાષણ દરમિયાન કરવામાં આવેલી કેટલીક ટિપ્પણીઓને જાણી જોઈને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. તેમ છતાં, હું જવાબદારીની ભાવના સાથે મારો અફસોસ વ્યક્ત કરું છું. મેં હંમેશા ગુજરાતના લોકો માટે ખૂબ જ આદર રાખ્યો છે - અને હંમેશા રાખીશ. ત્યાંના લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો મારો હેતુ ક્યારેય નહોતો.

ઘરોની છત તૂટી પડવાને કારણે એક ડઝન લોકોનાં મોત

## અફઘાનમાં ભારે વરસાદને પગલે પૂર: ૨૨નાં મોત, ૩૨ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



અફઘાનિસ્તાનમાં છેલ્લા ૨૪ કલાકમાં ખરાબ હવામાનને કારણે ૨૨ લોકોનાં મોત થયા છે અને ૩૨ લોકો ઘાયલ થયા છે તેમ અફઘાનિસ્તાનનાં અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.જે પૈકી એક ડઝનથી વધારે લોકો પૂર્વ અફઘાનિસ્તાનમાં સમગ્ર રાત પડેલા ભારે વરસાદને કારણે ઘરોની છત તૂટી પડવાને કારણે મૃત્યુ પામ્યા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા બે સપ્તાહમાં સમગ્ર દેશમાં તોફાન અને ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલન, પૂર અને વીજળી પડવાની ઘટનાઓમાં ૧૩૦થી વધારે લોકોનાં મોત થયા છે. હજારો ઘર નાશ પામ્યા છે અથવા ક્ષતિગ્રસ્ત થયા છે.

અફઘાનિસ્તાન નેશનલ ડિઝાસ્ટર ઓથોરિટી દ્વારા જારી કરવામાં તાજેતરનાં આંકડા ચાલુ વર્ષની શરૂઆતમાં અફઘાનિસ્તાનમાં ભારે બરફવર્ષા અને પૂરથી થયેલા મોતનાં આંકડાથી વધારે છે. અફઘાનિસ્તાન એક ગરીબ દેશ છે અને તે ખરાબ હવામાનની ઘટનાઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે. ઓથોરિટીનાં જણાવ્યા અનુસાર આ આંકડો હજુ પણ વધી શકે છે.

નંગરહાર પ્રાંતનાં ઈન્ફરમેશન એન્ડ કલ્ચરલ ડિરેક્ટોરેટમાં કાર્યરત ઈન્ફરમેશન ડાયરેક્ટર સિદ્દીકુલ્લાહ કુરેશીનાં જણાવ્યા અનુસાર પૂર્વીય શહેર જલાલાબાદનાં મોટા ભાગના વિસ્તારો મંગળવાર સવાર સુધીમાં પૂરની ચપેટમાં આવી ગયા હતાં.શહેર અને આસપાસના જિલ્લાઓમાં છત પડવાથી ૧૩ લોકોનાં મોત થયા હતાં અને અન્ય ૧૯ ઘાયલ થયા હતાં. જલાલાબાદ નંગરહાર પ્રાંતનું મુખ્ય શહેર છે. કુરેશીએ જણાવ્યું હતું કે પ્રાંતનાં વિવિધ ભાગોમાં પૂરનાં પાણીમાં ફસાઈ ગયેલા ૧૦૪ લોકોને હેલિકોપ્ટરની મદદથી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતાં.

કેન્દ્ર સરકારના ૫ મોટા નિર્ણય

## ખેડૂતોને આપી રાહત, ૧.૭૪ લાખ કરોડના પ્રોજેક્ટ્સને લીલી ઝંડી!

### સરકારે આગામી ખરીફ પાક માટે DAP અને NKPS જેવા જરૂરી ખાતરો પર સબસિડી ચાલુ રાખવાનો નિર્ણય લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં સામાન્ય માણસ, ખેડૂતો અને દેશના માળખાગત વિકાસને લઈને અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સરકારે કુલ ૧ લાખ ૭૪ હજાર ૨૦૭ કરોડ રૂપિયાના ૫ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી દીધી છે.

૧. ખેડૂતોને ખાતર પર સબસિડી (૪૧,૫૩૪ કરોડ રૂપિયા) :- સરકારે આગામી ખરીફ પાક માટે DAP અને NKPS જેવા જરૂરી ખાતરો પર સબસિડી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. આ માટે ૪૧,૫૩૪ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

ખેડૂતો માટે સૌથી મોટી રાહતની વાત એ છે કે દુનિયાભરમાં ભલે કિંમતોમાં વધઘટ થાય, પરંતુ ભારતમાં ખેડૂતોને DAPની બોરી પહેલાની જેમ જ માત્ર ૧૩૫૦ રૂપિયામાં મળતી રહેશે. ખર્ચનો વધારાનો બોજ સરકાર પોતે ઉઠાવશે.

૨. રાજસ્થાનમાં HPCL રિફાઈનરીનો રસ્તો સાફ (૭૯,૪૫૯ કરોડ રૂપિયા) :- ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે સરકારે HPCL રાજસ્થાન રિફાઈનરી લિમિટેડના પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ૭૯,૪૫૯ કરોડ રૂપિયાનું મોટું ભંડોળ મંજૂર કર્યું છે. આ પ્રોજેક્ટ માત્ર રાજસ્થાનનું આર્થિક ચિત્ર જ નહીં બદલે, પરંતુ સ્થાનિક સ્તરે રોજગારીની હજારો નવી તકો પણ ઉભી કરશે.

૩. જયપુર મેટ્રોના ફેઝ-૨ને લીલી ઝંડી (૧૩,૦૩૮ કરોડ રૂપિયા) :- જયપુર શહેરમાં ટ્રાફિક જામની વધતી સમસ્યાને ઉકેલવા માટે ૪૧ કિલોમીટર લાંબી જયપુર મેટ્રોના બીજા તબક્કા (ફેઝ-૨)ના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ ૧૩,૦૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. જેના નિર્માણથી લાખો દૈનિક મુસાફરોની મુસાફરી અત્યંત સરળ અને સુરક્ષિત બની જશે.

૪. કમલા હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૨૬,૦૭૦ કરોડ રૂપિયા) :- ભવિષ્યમાં વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા માટે સરકારે ૧,૭૨૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા ‘કમલા હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ’ને અંતિમ મંજૂરી આપી દીધી છે. આ વિશાળ જળવિદ્યુત પરિયોજના પર ૨૬,૦૭૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

૫. કલાઈ-II હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (૧૪,૧૦૬ કરોડ રૂપિયા) :- દેશની ઉર્જા સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે કેબિનેટે વધુ એક મોટો નિર્ણય લીધો છે.

જે અંતર્ગત ૧,૨૦૦ મેગાવોટના ‘કલાઈ-II હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ’ પર પણ મહોર મારવામાં આવી છે, જેના નિર્માણ પાછળ ૧૪,૧૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

## શેરબજારમાં તોફાની તેજી: સેન્સેક્સ-નિફ્ટીમાં ઉછાળો : રોકાણકારો ૧૬ લાખ કરોડ રૂપિયા કમાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

શેરબજારમાં રોકાણ કરનારાઓ માટે બુધવારનો દિવસ અત્યંત શાનદાર સાબિત થયો છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરનો સેન્સેક્સ અંતે ૨૯૪૬ પોઈન્ટના જંગી ઉછાળા સાથે ૭૭,૫૬૨ પર બંધ થયો હતો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ ૮૭૩ પોઈન્ટ ઉછળીને ૨૪,૦૦૦ની સપાટીની ખૂબ જ નજીક ૨૩,૯૯૭.૩૫ પર બંધ રહ્યો હતો. બજારમાં દિવસભર રહેલી આ તેજીને કારણે રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં અંદાજે ૧૬ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. બજારમાં જોવા મળેલી આ તેજી પાછળ મુખ્યત્વે વૈશ્વિક કારણો જવાબદાર છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામના સમાચાર આવતા જ માત્ર ભારતીય જ નહીં, પરંતુ એશિયન બજારોમાં પણ જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. યુદ્ધ શાંત થવાની આશાએ ક્રૂડ ઓઈલની કિંમતોમાં પણ ઘટાડો થયો અને તે પ્રતિ બેરલ ૯૫ ડૉલરની આસપાસ આવી ગયું છે. આ ઉપરાંત, ડૉલર સામે રૂપિયાની મજબૂતીએ પણ શેરબજારને ટેકો આપ્યો હતો. આ તેજીના કારણે મ્જીઈનું માર્કેટ કેપિટલાઈઝેશન વધીને ૪,૪૫,૫૭,૫૭૧.૪૫ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. બજારના હીરો સાબિત થયેલા શેરની વાત કરીએ તો, અદાણી ગ્રીન ૧૧% અને અશોક લેલેન્ડ ૧૨.૬૫%ના ઉછાળા સાથે મોખરે રહ્યા હતા. આ ઉપરાંત ઈન્ડિગો, હિન્દુસ્તાન પેટ્રોલિયમ, રિલાયન્સ અને બજાજ ફાઈનાન્સ જેવી દિગ્ગજ કંપનીઓના શેરમાં પણ જોરદાર તેજી જોવા મળી હતી. મારુતિ, એચડીએફસી બેંક અને અદાણી પોર્ટ્સ જેવા શેર પણ રોકેટની ગતિએ ભાગ્યા હતા. મિડકેપ અને સ્મોલકેપ કંપનીઓમાં પણ ખરીદીનો માહોલ રહેતા રોકાણકારોએ ધૂમ કમાણી કરી હતી.




